# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 15/09/2026** **EVENING: 7.50 TO 8.00**
**DAY: TUESDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) **બ્રિક્સ સંમેલનથી અલગ ચીનના રાષ્ટ્રપ્રમુખ સાથેની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, બંને દેશે મુખ્ય ચિંતાઓ પર સંવેદનશીલતા દાખવવી જોઈએ.**

2) **યમુના નદીના અવિરત પ્રવાહ સુનિશ્ચિત કરવા ઉત્તરપ્રદેશ , ઉત્તરાખંડ સહિત છ રાજ્યએ કિશાઉ બહુહેતુક બંધ પરિયોજના સમજૂતી કરાર કર્યા.**

3) **ગુજરાતમાં વૈશ્વિક ગોળાકાર અર્થતંત્ર મંચનો પ્રારંભ - કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગોળાકાર અર્થતંત્રની શરૂઆત ભારતથી જ થવી જોઈએ.**

4) **ઈરાનના એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ કહ્યું , તેમની શરતો પૂરી ન થાય ત્યાં સુધી ઈરાન અમેરિકા સાથે વાતચીત નહીં કરે.**

5) **ટી-20 ક્રિકેટમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આજે દિલ્હીમાં બીજો મુકાબલો.**

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MEA BRIEFING

વિદેશ મંત્રાલયે જણાવ્યું, નવી દિલ્હીમાં 18-મા બ્રિક્સ શિખર સંમેલનથી અલગ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની બેઠક દરમિયાન ઘણા મુદ્દાઓ અંગે ચર્ચા થઈ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું , આ બેઠકમાં પ્રધાનમંત્રીએ ચીનના રાષ્ટ્રપ્રમુખને ભારતની ચિંતાઓ અંગે જણાવતા કહ્યું , બંને દેશે એકબીજાની મુખ્ય ચિંતાઓ પર સંવેદનશીલતા દાખવવી જોઈએ. આવી ચિંતાઓનું પરસ્પર સન્માન , હિત અને સંવેદનશીલતાના ત્રણ સિદ્ધાંતોના આધારે સમાધાન કરવું જોઈએ.

## (BYTE: RANDHIR JAISHWAL)

***"चर्चाओं के दौरान कई मुद्दे सामने आए।दोनों देशों के बीच में जब बात हुई लीडरशिप लेवल पर, प्रधानमंत्री ने भारतीय चिंताओं को भी रेखांकित किया, उनका भी उल्लेख किया और इस बात को रेखांकित किया कि दोनों पक्षों को एक दूसरे के मुख्य चिंताओं के प्रति संवेदनशीलता दिखानी चाहिए और तीन पारस्परिक सिद्धांतों यानी कि पारस्परिक हित, पारस्परिक सम्मान और पारस्परिक संवेदनशीलता द्वारा निर्देशित होना चाहिए।"***

# SHAH KISHAU DAM PROJECT

ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ , હિમાચલ પ્રદેશ , હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીના મુખ્યમંત્રીઓએ આજે યમુના નદીના અવિરત પ્રવાહ સુનિશ્ચિત કરવા કિશાઉ બહુહેતુક બંધ પરિયોજના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. નવી દિલ્હીમાં આ કરાર બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , આ પરિયોજના પૂર્ણ થયા બાદ ઇતિહાસનો મહત્વનો અધ્યાય બની જશે.

**(VC: VISHAL SHARMA)**

આ અંગે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: BHAJANLAL SHARMA, CM RAJASTHAN)**

આ પહેલા આ વર્ષે જૂન મહિનામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મામલે આ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી. બેઠકમાં કિશાઉ બહુહેતુક બંધ પરિયોજનાનો 90 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા અને 10 ટકા ખર્ચ ભાગીદાર રાજ્યો દ્વારા કરાશે તેવો નિર્ણય કરાયો હતો.

# GUJ WCEF

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે ટકાઉ વિકાસ માળખામાં ગોળાકાર અર્થતંત્રના સિદ્ધાંતોને સામેલ કરવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર આપ્યો. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે પુનઃઉપયોગ, સમારકામ અને સંરક્ષણની પોતાની પ્રાચીન પદ્ધતિઓને સમકાલિન નીતિઓમાં આધુનિક બનાવી છે. ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આયોજિત વૈશ્વિક ગોળાકાર અર્થતંત્ર મંચ – W.C.E.F. 2026ની 10-મી આવૃત્તિના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી યાદવે કહ્યું , વિસ્તૃત ઉત્પાદક જવાબદારી – E.P.R. નિયમો અને મિશન લાઇફ જેવી પહેલ ગોળાકાર અર્થતંત્રમાં મહત્વનું પગલું છે.

## (BYTE: BHUPENDRA YADAV, UNION MINISTER)

***Under the EPR mechanism ईपीआर व्यवस्था के अंतर्गत ईपीआर प्रमाण पत्रों का हस्तांतरण पुनर्चक्रण कर्ताओं को वित्तीय प्रोत्साहन प्रदान करता है जिससे क्षमता विस्तार तकनीकी उन्नति और पुनर्चक्रण गतिविधियों में वृद्धि को बढ़ावा मिलता है। यह सभी मिलकर संपूर्ण पुनर्चक्रण मूल्य श्रृंखला में रोजगार सृजन और आजीविका में योगदान करते हैं।विभिन्न ईपीआर ढांचों के अंतर्गत पंजीकृत हैं are registered under the various EPR framework***

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# ASHWINI VAISHNAV

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે વર્ચ્યુઅલ માધ્યમથી ગુજરાત માં વિવિધ રેલવે વિકાસકાર્યો નો પ્રારંભ કરાવ્યો . તેમણે સોલ્ટ કન્ટેનર ટ્રેનને લીલીઝંડી આપી. ત્યારબાદ શિવલખા, ભીમાસર, દેવળિયા અને ચંદીસર ખાતેના ચાર ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ તેમણે દેશને સમર્પિત કર્યા. ઉપરાંત શ્રી વૈષ્ણવે ગોપાલપુર રેલવેમથકના ઉદ્ઘાટન ની સાથે અંજાર રેલવે મથક પર ભુજ-શાલીમાર એક્સપ્રેસના સ્ટોપેજનો પણ પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી વૈષ્ણવે સોલ્ટ કન્ટેનર ટ્રેનથી મીઠાના પરિવહનમાં સરળતા રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

## (BYTE: ASHWINI VAISHNAV, RAILWAY MINISTER)

*"तो साल्ट का जितना वजन है उससे ज्यादा वैगन का वजन होता था।तो साल्ट जहां तक पहुंचना था वहां तक पहुंचते-पहुंचते गीला हो जाता था। सब तरीके की समस्याएं आती थी। इसीलिए साल्ट के लिए एक स्पेशल कंटेनर बनाया गया। स्टेनलेस स्टील का कंटेनर है। इसमें लोडिंग ऊपर से होती है और अनलोडिंग उसकी साइड से होती है। यानी कंटेनर को अगर ऐसे टिल्ट कर दो तो वो सारा खाली हो जाता है।जितना साल्ट का वजन और जितना कंटेनर का वजन जो हमें बैलेंस चाहिए था वो इसमें आ गया।'*

# US IRAN

ઈરાનના એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ કહ્યું , જ્યાં સુધી તેમની શરતો પૂરી ન થાય ત્યાં સુધી ઈરાન અમેરિકા સાથે વાતચીત નહીં કરે. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ મોહસિન રઝાઈએ સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી આપી.

આ વર્ષે 18 જૂને અમેરિકા અને ઈરાને લેબનૉન સહિતના ક્ષેત્રના તમામ મોરચે યુદ્ધ સમાપ્ત કરવા અંગે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તે અંતર્ગત બંને દેશને 60 દિવસમાં વાતચીત કરીને અંતિમ સમજૂતી સુધી પહોંચવાનું હતું. આ સમયગાળો ગયા મહિને 17 તારીખે પૂરો થયો.

# JAISHANKAR BOTSWANA

ભારતે એચઆઈવી એઇડ્સની સારવાર માટે જાહેર આરોગ્ય પ્રણાલિમાં મદદના હેતુસર આજે બોત્સવાના માટે 10 ટન ઍન્ટી-રેટ્રોવાયરલ દવાઓ મોકલી. સોશિયલ મીડિયા સંદેશમાં વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું , આનાથી ભારતના વૈશ્વિક દક્ષિણ ભાગીદારો સાથે આરોગ્ય ક્ષેત્રમાં સહકાર મજબૂત કરવાની દેશની પ્રતિબદ્ધતા જાણવા મળે છે.

# REV CRICKET

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટ શ્રેણીની બીજી મેચ હાલ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે_ટૉસ જીતીને પહેલા બોલિંગ_પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , ઇબ્રાહિમ ઝદરાન ની આગેવાની હેઠળની અફઘાનિસ્તાનની ટીમે અત્યાર સુધીમાં 6 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 41 રન કર્યા છે. અગાઉ રવિવારે રમાયેલી પહેલી મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવ્યા બાદ ભારત શ્રેણીમાં એક-શૂન્યથી આગળ છે. હવે ત્રીજી મેચ ગુરુવારે દિલ્હીમાં રમાશે.

# CCPA RAPIDO

કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ – C.C.P.A.-એ રૅપિડો સંચાલિત કર તી કંપની રૉપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડને ગેરમાર્ગે દોરનારી જાહેરાત માટે 10 લાખ રૂપિયાનો દંડ કર્યો.

ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું, આ દંડ અન્યાયી વેપાર પ્રથાઓ, અન્યાયી કરાર અને ડાર્ક પેટર્ન માટે લગાવાયો હતો , જેમાં રાઈડ કન્ફર્મેશન પહેલા રાઈડર્સ પાસેથી વધુ પડતી ચૂકવણીની માગણીનો સમાવેશ થાય છે. ભારતમાં કાર્યરત્ કૅબ અને બાઈક-ટૅક્સી એગ્રીગેટર પ્લેટફોર્મની ક્ષેત્ર વ્યાપી તપાસને પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે.

# BANGLADESH AWAMI LEAGUE

બાંગ્લાદેશમાં આંતર-રાષ્ટ્રીય ગુના પંચે ઢાકામાં જુલાઈ મહિનામાં થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હત્યાઓ મામલે અવામી લિગના મહાસચિવ અને પૂર્વ મંત્રી ઔબેદુલ કાદર સહિત સાત દોષીતોને મૃત્યુદંડની સજા સંભળાવી.